1. સામજક ક્રિયાનાં તત્ત્વોની સમજૂતી આપો.

- સમાજશાસ્ત્ર માનવી અને તેના સમાજનો અભ્યાસ કરે છે, અમાજનું એકમ વ્યક્તિ છે. પ્રતિ સમાજના સભ્ય તરીકે જુદી જુદી અર્થપૂર્ણ, અમાનતાપૂર્વક અને હેતુપૂર્વક ધ્યેય પ્રાપ્ત કરવા માટે એ કેટલીક ક્રિયા કરે છે, જેને સામાજિક ક્રિયા કહેવામાં આવે છે.
- સામાજિક ક્રિયાનાં તત્વો સમાજશાસ્ત્રી પાર્કન્સે સામાજિક ક્રિયાનાં છે ચાર તત્ત્વો દર્શાવ્યાં છે. તેમના મત મુજબ સામાજિક ક્રિયા કરનારી કોઈ પણ વ્યક્તિ ક્રિયામાં આ ચાર તત્વો અનિવાર્ય રીતે પરસ્પર ભાગ ભજવતા હોય છે. સામાજિક ક્રિયાન ચાર તત્વો નીચે પ્રમાણે છે :

  1. 'સ્વ' અથવા કઈ : કોઈ પણ સામાજિક ક્રિયા કરનારને 'કર્તા' કહેવામાં આવે છે. આપણે જયારે કોઈ પણ કર્તાનો નિર્દેશ કરીએ બને ત્યારે તેનાં માનવદેદનો નહિ, પરંતુ તેના સ્વનો નિર્દેશ હોય છે. 'સ્વ' ક્રિયાનું મુખ્ય ચાલક બળ છે. દરેક વ્યક્તિને પોતાની આગવી ઓળખ હોય છે. વ્યક્તિ એક એકમ છે અને તે સામાજિક સમાનતા અને આત્મચેતના ધરાવે છે. 'સ્વ' અનુભવ કરે છે, નિર્ણયો લે છે અને લીધેલા નિર્ણયો પર ચિંતન કરે છે. 'સ્વ'ને વ્યક્તિત્વ અથવા ચરિત્ર પણ કહે છે. વ્યક્તિનું વ્યક્તિત્વ પ્રવૃત્તિ અને પ્રત્યાઘાત આપે છે. ''સ્વ'' દરેક કાર્ય કરવા માટે શરીરને સાધન તરીકે વાપરે છે અને તે દ્વારા ધ્યેય પ્રાપ્ત કરે છે. 'સ્વ' ક્રિયા કરાવનાર છે અને 'સ્વ'નું ઘડતર સમાજ દ્વારા થાય છે.
- ક્રિયા કરનાર કર્તાનો સ્વ અન્ય વ્યક્તિઓને, ચીજવસ્તુઓને અથવા પરિસ્થિતિને કઈ રીતે જુએ છે, તેનું કેવું અર્થઘટન કરે છે, તેના વિશે કંઈ લાગણી અનુભવે છે, તેના વિશે શું વિચારે છે, તે સમજવું એ તેની સામાજિક ક્રિયાને સમજવા માટે અત્યંત જરૂરી 'સ્વ'ને સમજવાથી વ્યક્તિ જગતનું પ્રત્યક્ષીકરણ કેવી રીતે છે તે 'આત્મલક્ષી' બાબત જાણવા મળે છે. દા. ત., સમાજમાં ચાલતા ભ્રષ્ટાચારને જોવાની દૃષ્ટિ.

  2. ધ્યેય અથવા લક્ષ્ય : દરેક સામાજિક ક્રિયા ધ્યેયલક્ષી છે એ વ્યક્તિના 'સ્વ'ની કલ્પના છે. ધ્યેય એટલે વર્તમાન સમયમાં અસ્તિત્વ ધરાવતી નથી એવી ભવિષ્યની સ્થિતિ. જેને કલ્પના દ્વારા જાણી શકાય છે. ધ્યેયને પ્રયત્ન અને સંકલ્પ દ્વારા મેળવી શકાય છે. કર્તાના વર્તનના અર્થઘટનમાં ધ્યેયનું તત્ત્વ મહત્ત્વનું છે. સમાજનાં મૂલ્યો અને ધોરણો તેના ધ્યેયની પસંદગીને અસર કરે છે.
- દા. ત., બ્રાહ્મણ યુવાન કતલખાનાની નોકરીનો સ્વીકાર કરશે નહિ. ધ્યેય માનવીના વિચાર, વ્યવહાર અને વર્તનને અસર કરે છે. વ્યક્તિ ધ્યેયને પ્રાપ્ત કરવા સતત પ્રયત્નો કરે છે. ધ્યેય વ્યક્તિ માટે પ્રેરક અને પ્રેરણા છે. ધ્યેય માનવીના વર્તન માટે ચાલક બળ પૂરું પાડે છે.
- દા. ત., પરીક્ષામાં પ્રથમ ક્રમ લાવવા માટે વિદ્યાર્થી અભ્યાસમાં સખત પરિશ્રમ કરે છે. વ્યક્તિનાં ધ્યેયો નક્કી કરવામાં અંગત મૂલ્યો, જરૂરિયાત, સામાજિક ધોરણો, સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યો વગેરે અગત્યનો ભાગ ભજવે છે. દા. ત., પશ્ચિમની સંસ્કૃતિમાં સફળતા એ ધ્યેય છે, જયારે હિન્દુ સંસ્કૃતિમાં મોક્ષપ્રાપ્તિ એ જીવનનું ધ્યેય છે.

  3. શરતો અથવા સંજોગો : ધ્યેયપ્રાપ્તિ માટે જેમ સંકલ્પ અને પ્રયત્નોની જરૂર પડે છે, તેમ ધ્યેયપ્રાપ્તિના માર્ગમાં આવતા અવરાધોનો સામનો પણ કરવો પડે છે. જે અવરોધોનું ઉલ્લંઘન કરી શકાય તેમ ન હોય તેને શરતો કહેવામાં આવે છે. શરતો કે સંજોગો એવી બાબત છે, જેને કર્યા વગર, ધ્યેયની પ્રાપ્તિ થઈ શકતી નથી. દા. ત., બી.એ.ની ડિગ્રી મેળવવા માટે કોલેજનો ત્રણ વર્ષનો અભ્યાસ કરવો પડે.

- ધ્યેયપ્રાપ્તિ સરળ નથી. ધ્યેયપ્રાપ્તિમાં અનેક અવરોધો આવે છે. જે અવરોધો વ્યક્તિ દૂર ન કરી શકે તેને શરતો'' કહે છે. શરતો વ્યક્તિના કાર્યમાં મર્યાદા બાંધી આપે છે. શરતો શારીરિક અથવા બિનશારીરિક હોઈ શકે છે. ધ્યેયપ્રાપ્તિમાં ત્રણ પ્રકારના અવરોધો હોય છે. જે નીચે પ્રમાણે છે :
- (i) કર્તાની શારીરિક શક્તિ : શારીરિક અશક્તિ ધ્યેયપ્રાપ્તિમાં અવરોધ પૈધ કરે છે. ધ. ત., લકરમાં જે વરવું હોય, પરંતુ જરૂરી ઊંચાઈ, વજન, શારીરિક ક્ષમતા વગેરે ન હોય.
- (ii) મૌગોલિક પયાવરણ : ભોગોલિક વાતાવરણ ધ્યેયપ્રાપ્તિમાં અવરોધ પેદા કરે છે. ધ. ત., પ્રવાસ માટે સમયસર રેલવે સ્ટેશને પહોંચવું હોય, પરંતુ માર્ગમાં વાવાઝોડા સાથે ધોધમાર વરસાદ આવે.
- (iii) સામાજિક પયાવરણ : આર્થિક, સામાજિક વાતાવરણ ધ્યેયપ્રાપ્તિમાં અવરોધ પેદા કરે છે. દા. ત., ડોક્ટર બનવું હોય, પરંતુ કુટુંબની આર્થિક સ્થિતિ સારી ન હોય; અન્ય જ્ઞાતિની વ્યક્તિ સાથે લગ્નસંબંધથી જોડાવવું હોય, પરંત જ્ઞાતિના 'અંતર્લગ્નનાં ધોરણો માન્યતા આપતા ન હોય.
- 4. સાધનો : સાધનો ધ્યેયપ્રાપ્તિ માટે આવશ્યક છે. સાધનો એટલે વ્યક્તિની પરિસ્થિતિનાં એવાં પરિબળો કે જેમના પર કર્તાનો કાબુ હોય છે. આવાં સાધનો તને તેની ધ્યેયપ્રાપ્તિમાં મદદરૂપ થાય છે. સાધનોનું સ્વરૂપ સરળ અથવા જટિલ હોઈ શકે છે. દા.ત., લખવા માટે કાગળ અને પેન, સંદેશાવ્યવહાર માટે મોબાઈલ ફોન. કોઈ પણ ધ્યેયની પ્રાપ્તિ માટે ધ્યેયને અનુરૂપ સાધન હોવું જરૂરી છે. ઘણી વાર એક જ ધ્યેયની પ્રાપ્તિ માટે એક કરતાં વધુ. સાધનોની જરૂર પડે છે. કોઈક વાર વ્યક્તિને જાં જુદાં સાધનોમાંથી કોઈ એક જ સાધનની પસંદગી કરવાની હોય છે. સાધનની પસંદગીમાં ભૂલ થાય, તો ધ્યેયપ્રાપ્તિ થતી નથી.
- દા. ત., ધનપ્રાપ્તિ માટે નોકરી કે વ્યવસાય થઈ શકે છે. કોઈ એક પરિસ્થિતિમાં એક કર્તા માટે જે સાધન હોય તે સાધ્ય બને અને અન્ય કત માટે તે સાધન સંજોગ પણ થઈ શકે છે. દા.ત. પરીક્ષામાં સંપૂર્ણ અને વ્યવસ્થિત તૈયારી કરીને આવેલા વિદ્યાર્થી માટે અઘરું પ્રશ્નપત્ર પોતાની તૈયારી વ્યક્ત કરવાનું સાધન બને, પરંતુ અપૂર્ણ અને નબળી તૈયારી કરીને આવેલા વિદ્યાર્થી માટે અઘરું પ્રશ્નપત્ર પરીક્ષામાં પાસ થવાના ધ્યેયમાં અવરોધરૂપ સંજોગ બને. કોઈ એક પરિસ્થિતિમાં જે ધ્યેય હોય તે અન્ય પરિસ્થિતિમાં સાધન થઈ શકે છે. દા ત. વિદ્યાર્થી અવસ્થામાં ડિગ્રી પ્રાપ્ત કરવી એ ધ્યેય હોય છે. પરંતુ ડિગ્રી પ્રાપ્ત કર્યા પછી તે નોકરીપ્રાપ્તિના ધ્યેયનું ઉપયોગી સાધન બની જાય છે. સામાજિક ક્રિયાનાં આ ચાર તત્ત્વો અનિવાર્ય છે. કોઈ એક તત્ત્વની ગેરહાજરીમાં સામાજિક ક્રિયા થઈ શકતી નથી.

## 2. સામાજિક આંતરક્રિયાનાં લક્ષણો સ્પષ્ટ કરો.

- વ્યક્તિ સમાજના સંદર્ભમાં અન્ય વ્યક્તિ સાથે જોડાઈને સામાજિક ક્રિયા કરે છે, ત્યારે એકબીજા પર અસર કરે છે. આવી પારસ્પરિક ક્રિયાને 'સામાજિક આંતરક્રિયા' કહે છે.
- સામાજિક આંતરક્રિયાનાં લક્ષણો : સામાજિક આંતરક્રિયાનાં લક્ષણો નીચે પ્રમાણે છે. આ લક્ષણો પૂર્ણ થાય ત્યારે જ સામાજિક આંતરક્રિયા શક્ય બને છે.
- 1. બે કે તેથી વધુ પક્ષો : સામાજિક આંતરક્રિયા માટે ઓછામાં ઓછા બે કે તેથી વધુ પક્ષો અનિવાર્ય છે. એક પક્ષથી સામાજિક આંતરક્રિયા થતી નથી. દા. ત., પતિ અને પત્ની તથા માતા અને બાળક વચ્ચે થતી સામાજિક આંતરક્રિયા બે વ્યક્તિઓ વચ્ચેની છે. જ્યારે શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે થતી સામાજિક આંતરક્રિયા વ્યક્તિ અને જૂથ વચ્ચેની છે. ક્રિકેટની બે ટીમો વચ્ચે થતી સામાજિક આંતરક્રિયા બે જૂથો વચ્ચેની છે. સામાજિક

આંતરક્રિયા પ્રત્યક્ષ કે મોઢામોઢની પણ હોઈ શકે છે. અથવા સામાજિક આંતરક્રિયા પરોક્ષ સ્વરૂપની પણ હોઈ શકે છે. પરોક્ષ સ્વરૂપની આંતરક્રિયામાં સમૂહ માધ્યમોની જરૂર પડે છે.

- 2. માધ્યમ : માત્ર બે પક્ષથી જ સામાજિક આંતરક્રિયા શક્ય બનતી નથી, પરંતુ પરસ્પર બંને પક્ષો વચ્ચે અસર ઊભી કરવા અથવા અર્થપૂર્ણ અભિવ્યક્તિ કરવા કોઈ પણ માધ્યમ હોવું જરૂરી છે. માધ્યમમાં શારીરિક હાવભાવનું કોઈ પણ સ્વરૂપ, શાબ્દિક ભાષા, ચિત્રો વગેરેનો ઉપયોગ થઈ શકે છે. દા. ત., બહેરામૂંગા વ્યક્તિઓ વચ્ચે થતી ક્રિયા અને પ્રતિક્રિયા. સામાજિક આંતરક્રિયામાં જે માધ્યમનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તે માધ્યમ સામાજિક અર્થ ધરાવતું હોવું જોઈએ અને માધ્યમ દ્વારા વ્યક્ત થતા અર્થ, ભાવ અને લાગણી બધા પક્ષો સમજતા હોવા જોઈએ. દા. ત., રાષ્ટ્રધ્વજ, શાળામાં વિદ્યાર્થીઓનો ગણવેશ.
- 3. પારસ્પરિક અસર : સામાજિક આંતરક્રિયા પરસ્પર અસર ઉપજાવનારી ઘટના છે. જેમાં વ્યક્તિ અથવા જૂથ પર વાણી, ભાષા, પુસ્તકો, ટેલિવિઝન, ફિલ્મો વગેરે દ્વારા અસર ઊભી થાય છે, જે અસર બાહ્ય વર્તન સ્વરૂપે તથા વલણ, માન્યતા, હિત, અપેક્ષા વગેરે જેવી આંતરિ ક અસર સ્વરૂપે થઈ શકે છે. દા. ત. બાળક માતાપિતાના સુચન મુજબ જે વર્તન કરે તે બાહ્ય અસર છે અને બાળકને માતા પિતા માટે જે અહોભાવ મનમાં પેદા થાય તે ખાંતરિક અસર છે.  આમ, સામાજિક આંતરક્રિયા પરસ્પર સંબંધવાની પ્રવૃત્તિ છે. તે પરસ્પર ઉદીપનની પ્રક્રિયા છે અને પરસ્પર અવલંબિત છે.

### 3. સામાજિક આંતરક્રિયાના સ્વરૂપ તરીકે સહકારની ચર્ચા કરો.

- પ્રત્યેક સમાજમાં આંતરક્રિયાનાં જુદાં જુદાં સ્વરૂપો જોવા મળે છે. સામાજિક આંતરક્રિયાનું વારંવારનું પુનરાવર્તન સામાજિક સંબંધો રચે છે. સામાજિક આંતરક્રિયાના ત્રણ પ્રકારો છે : (1) સહકાર, (2) સંઘર્ષ અને (3) સ્પર્ધા.
- સામાજિક આંતરક્રિયાના પ્રકાર તરીકે સહકારના સ્વરૂપની સમજૂતી નીચે પ્રમાણે છે :  સહકારઃ સમાન હેતુ માટે સાથે મળીને કામકાજ કરવું અથવા સમાન ધ્યેય પ્રાપ્ત કરવા માટે સહિયારી ક્રિયાઓ કરવી તેને ‘સહકારની આંતરક્રિયા કહેવામાં આવે છે. કુટુંબના સભ્યો એકબીજાની જરૂરિયાતો સંતોષવા અરસપરસને મદદ કરે છે. પડોશમાં રહેતાં બાળકો રમતગમતના હેતુ માટે સાથે મળીને રમતો રમે છે. ઉદ્યોગોમાં પણ સંચાલકો, અધિકારીઓ, કર્મચારીઓ અને કામધરો વચ્ચે ઉઘોગનાં ક્ષ્યાંકોને પહોંચી વળવા સહકાર જરૂરી છે.  આમ, કોઈ પણ બે પક્ષ પરસ્પરના ધ્યેયની પ્રાપ્તિ માટે મદદ કરે અથવા સમાન ધ્યેયની પ્રાપ્તિ માટે સાથે મળીને પ્રવૃત્તિ કરે તો તેને ‘સહકાર’ કહેવાય.
- સહકાર એ શીખેલું વર્તન છે. સમાજીકરણની પ્રક્રિયા દ્વારા માનવી સહકારની પ્રવૃત્તિ શીખે છે .  સમાજશાસ્ત્રી ફેર ચાઇલ્ડના મતે, ‘‘સહકાર એવી પ્રક્રિયા છે જેના દ્વારા વ્યક્તિ કે જૂથ સંગઠિત થઈ પોતાના પ્રયત્નોથી સમાન ધ્યેયપ્રાપ્તિ માટે ભેગા મળે છે.’’  જે ધ્યેય સાથે મળીને વધુ સારી રીતે કે ઝડપથી હાંસલ કરી શકાય તેને માટે, અથવા માનવી પોતાની જરૂરિયાતો કે હિતો પૂરી કરવા માટે સભાનતાપૂર્વક અને બુદ્ધિપૂર્વક સહકાર સાધીને મંડળો રચે છે. આ મંડળોનાં ધોરણો નક્કી કરી તેમાં વ્યક્તિઓ સમાન ધ્યેયની પ્રાપ્તિ માટે સાથે મળીને કામ કરે છે. દા. ત., દૂધ ઉત્પાદક સહકારી મંડળી, સહકારી બેંક, સહકારી ગૃહનિમણિ સોસાયટી વગેરે.  સહકારની પ્રક્રિયા રચનાત્મક છે. સહકારથી સાથે કામ કરનારા લોકો કામકાજની વહેંચણી કરીને પોતાનું સહિયારું ધ્યેય પ્રાપ્ત કરતા હોય છે. સહકારની સામાજિક આંતરક્રિયા વ્યક્તિઓ કે જુથો વચ્ચે એકતા વિકસાવે છે. સહકાર લોકોને જોડવાનું કામ કરે છે. સમાજના દરેક સમૂહ કે સંગઠન માં અમુક પ્રમાણમાં સહકારની પ્રક્રિયા અનિવાર્ય

છે. સહકાર વગર વ્યક્તિ, સમુહ કે સમાજનો વિકાસ સંભવી શકે નહિ.  સમાજશાસ્ત્રી મકાઈવરે સહકારની આંતરક્રિયાના બે પ્રકારો દર્શાવ્યા છે, જે નીચે પ્રમાણે છે :

- 1. પ્રત્યક્ષ સહકાર : ધ્યેયપ્રાપ્તિ માટેનો સીધો અને સંયુક્ત પ્રયાસ તે પ્રત્યક્ષ સહકાર' છે. પ્રાથમિક જૂથોમાં આ પ્રકારનો સહકાર મુખ્ય હોય છે. કુટુંબ, મિત્રજુથ, પડોશ જૂથ, ગ્રામસમુદય, આદિવાસી સમુદાય વગેરેમાં પ્રત્યક્ષ સહકારનું પ્રમાણ અને મહત્ત્વ વધુ હોય છે. સહકારી મંડળીઓ પ્રત્યક્ષ સહકારનું ઉદાહરણ છે.
- 2. પરોક્ષ સહકાર : એક જ ધ્યેયને પ્રાપ્ત કરવા માટે વ્યક્તિઓ શ્રમવિભાજનની રીતે એકબીજાને મદદરૂપ થાય ત્યારે તેને પરોક્ષ સહકાર' કહેવાય. આ પ્રકારના સહકારમાં પ્રવૃત્તિઓને વિભાજિત કરવામાં આવે છે. સમાન ધ્યેય પ્રાપ્ત કરવા માટે જુદી જુદી વ્યક્તિઓ જુદી જુદી પ્રવૃત્તિઓ કરે છે. દા. ત., કાપડનું ઉત્પાદન કરવા માટે કાપડના એક વિશાળ કારખાનામાં જુદી જુદી વ્યક્તિઓ જુદાં જુદાં કામ કરે છે. તે બધાં કાર્યોના સરવાળે કાપડનું ઉત્પાદન થાય છે.
- આમ, મોટા પાયા પર ચાલતા ઉદ્યોગો પરોક્ષ સહકારનું ઉદાહરણ છે. વિશાળ જૂથોમાં પરોક્ષ સહકાર જોવા મળે છે. પ્રત્યક્ષ સહકાર માનવીને સામાજિક અને માનસિક સંતોષ તથા હંફ આપે છે, જ્યારે પરોક્ષ સહકાર વ્યક્તિને એકલતાની ભાવનાનો અનુભવ કરાવે છે અને ક્યારેક અનેક માનસિક સમસ્યાઓ સર્જે છે.

### 4. સામાજિક ગતિશીલતાના પ્રકાર સમજાવો.

- સામાજિક સ્તરરચના સાથે સામાજિક ગતિશીલતા જોડાયેલી છે. સામાજિક ગતિશીલતા એટલે સમાજની સ્તરરચનામાં વ્યક્તિ કે જુથની સામાજિક ગતિ. વ્યક્તિ કે જૂથનાં સ્થાન તેમની જરૂરિયાતો, આકાંક્ષાઓ, શક્તિઓ અને પ્રયત્નો અનુસાર બદલાય છે. જેને 'સામાજિક ગતિશીલતા' કહે છે.
- સામાજિક ગતિશીલતાના પ્રકાર : સામાજિક ગતિશીલતાને I દિશાની દષ્ટિએ જોઈએ તો આધુનિક સમાજમાં સામાજિક ગતિશીલતાના બે પ્રકારો છે : 1. આડી સામાજિક ગતિશીલતા અને 2. ઊભી સામાજિક ગતિશીલતા.
- 1. આડી સામાજિક ગતિશીલતા : એકસમાન સ્તર પર આવેલા એક જૂથમાંથી બીજા જૂથમાં વ્યક્તિ કે સમૂહનું સ્થાન બદલાય તેને 'આડી સામાજિક ગતિશીલતા' કહે છે. આની સામાજિક ગતિશીલતામાં વ્યક્તિ કે જૂથનું સ્થાન બદલાય છે, પરંતુ તેનું સ્તર બદલાતું નથી. તેના હક, દરજ્જા, પ્રતિષ્ઠા વગેરેમાં કોઈ નોંધપાત્ર ફેરફાર થતો નથી. દા. ત., એક શાળાનો શિક્ષક પોતાની શાળા છોડી બીજી શાળામાં શિક્ષક તરીકે જોડાય ત્યારે આડી સામાજિક ગતિશીલતા થઈ કહેવાય. અહી શિક્ષકની પ્રતિષ્ઠા, આવક કે સત્તામાં નોંધપાત્ર પરિવર્તન આવતું નથી. ભારતની જ્ઞાતિવ્યવસ્થા આડી સામાજિક ગતિશીલતાનું ઉત્તમ ઉદાહરણ છે. સમાજશાસ્ત્રી બુમ અને સેક્ઝનિકના મતે, ''એક સ્થાન પરથી સમાન સ્તરના બીજા સ્થાન પર સ્થળાંતર એટલે આડી સામાજિક ગતિશીલતા.''
- 2. ઊભી સામાજિક ગતિશીલતા : ઊભી સામાજિક ગતિશીલતા એ આડી સામાજિક ગતિશીલતા વિરુદ્ધનો ખ્યાલ છે. ઊભી સામાજિક ગતિશીલતામાં વ્યક્તિ કે જૂથનું સ્થાનફેર થાય છે અને સાથે સાથે સ્તર કે દરજ્જો પણ બદલાય છે. ઊભી સામાજિક ગતિશીલતામાં વ્યક્તિ કે જૂથના હક, દરજ્જા, પ્રતિષ્ઠા, આવક, સત્તા વગેરેમાં નોંધપાત્ર ફેરફાર થાય છે. ઊભી સામાજિક ગતિશીલતામાં વ્યક્તિ કે જેથી પોતાના મૂળ સામાજિક દરજ્જામાંથી ઉપલા અથવા નીચલા સામાજિક દરજ્જામાં એમ બંને દિશામાં જઈ શકે છે. આથી ઊભી

સામાજિક ગતિશીલતા બે પ્રકારની હોય છે : (i) ઊર્ધ્વગામી ઊભી ગતિશીલત અનu (ii) નિમ્નગામી ઊભી ગતિશીલતા.

(i) ઊર્ધ્વગામી ઊભી ગતિશીલતા : ઊર્ધ્વગામી ઊભી સામાજિક ગતિશીલતામાં વ્યક્તિ કે જૂથ પોતાના મૂળ સામાજિક દરજ્જાવળા સ્તરમાંથી ઊંચા સામાજિક દરજ્જાવાળા સ્તરમાં સ્થળાંતર કરે છે. આમ, વ્યક્તિ કે જૂથના સ્થાન અને સ્તર બંને ઊંચા થાય છે. દા. ત., માધ્યમિક શાળાના શિક્ષક ઉચ્ચતર માધ્યમિક શાળાનો શિક્ષક બને. ઊર્ધ્વગામી ઊભી સામાજિક ગતિશીલતાનાં બે સ્વરૂપો છે :(a) વ્યક્તિલક્ષી ઊર્ધ્વગામી ઊભી ગતિશીલતા : જ્યારે નિમ્ન સ્તરની કોઈ વ્યક્તિ પોતાના સ્તરથી ઉચ્ચ સ્તરમાં સ્થાનાંતર કરે ત્યારે વ્યક્તિલક્ષી ઊર્ધ્વગામી ઊભી સામાજિક ગતિશીલતા' કહેવાય. દા. ત., સરકારી નોકરીમાં કોઈ કારકુન ઑફિસર બને. (b) જૂથલક્ષી ઊર્ધ્વગામી ઊભી ગતિશીલતા : જ્યારે નિમ્ન સ્તરની વ્યક્તિઓનું જૂથ પોતાના સ્તરમાંથી ઉચ્ચ સ્તરમાં સ્થાનાંતર કરે ત્યારે 'જૂથલક્ષી ઊર્ધ્વગામી ઊભી સામાજિક ગતિશીલતા' કહેવાય. દા. ત., ટેલિવિઝનના અભિનેતા અને અભિનેત્રીઓ કોઈ ફિલ્મના અભિનેતા અને અભિનેત્રીઓ બને. (ii) નિમ્નગામી ઊભી ગતિશીલતા : નિમ્નગામી ઊભી સામાજિક ગતિશીલતા એ ઊર્ધ્વગામી ઊભી સામાજિક ગતિશીલતા કરતાં વિરુદ્ધ છે. નિમ્નગામી ઊભી સામાજિક ગતિશીલતામાં સ્થાન બદલાવાની સાથે બદલાતું સ્તર પણ પોતાના મૂળ સ્થાન કરતાં નિમ્ન હોય છે. આ ગતિશીલતામાં વ્યક્તિ કે જૂથ મૂળ સ્તરમાંથી નિમ્ન સ્તરમાં સ્થળાંતર કરે છે.

- નિમ્નગામી ઊભી સામાજિક ગતિશીલતાનાં બે સ્વરૂપો છે :(a) વ્યક્તિલક્ષી નિમ્નગામી ઊભી ગતિશીલતા : જ્યારે કોઈ વ્યક્તિ ઉચ્ચ સામાજિક દરજ્જામાંથી નિમ્ન સામાજિક દરજ્જામાં સ્થળાંતર કરે ત્યારે વ્યક્તિલક્ષી નિમ્નગામી ઊભી સામાજિક ગતિશીલતા' કહેવાય.

  દા. ત., માધ્યમિક શાળાના શિક્ષક, પ્રાથમિક શાળાના શિક્ષક બને. (b) જૂથલક્ષી નિમ્નગામી ઊભી ગતિશીલતા : જ્યારે કોઈ જૂથ । ઉચ્ચ સામાજિક દરજ્જામાંથી નિમ્ન સામાજિક દરજ્જામાં સ્થળાંતર કરે ત્યારે 'જૂથલક્ષી નિમ્નગામી ઊભી સામાજિક ગતિશીલતા' કહેવાય. દા. ત., ગણોતધારો અને જમીન ટોચમર્યાદાનો કાયદો અમલમાં આવતાં મોટા જમીનદારો મર્યાદિત જમીનના માલિક તરીકે ખેડૂત બન્યા, દેશી રાજ્યોનું વિલીનીકરણ થતાં રાજ્યોના રાજાઓ સામાન્ય નાગરિક બન્યા. આમ, કોઈ પણ સમાજ સામાજિક ગતિશીલતા વગરનો નથી. તેમાં આડી સામાજિક ગતિશીલતા કે ઊભી સામાજિક ગતિશીલતા જોવા મળે છે.

### 5. સામાજિક પરિવર્તનનાં લક્ષણો વર્ણવો.

- સામાજિક પરિવર્તન એ દરેક સમાજની સાહજિક પ્રક્રિયા છે. કેટલાક સમાજોમાં ઝડપી, તો કેટલાક સમાજોમાં ધીમું પરિવર્તન થતું હોય છે. કોઈ પણ સમાજ સંપૂર્ણપણે સ્થિર હોતો નથી. કોઈ પણ સમાજની તેના ભૂતકાળ અને વર્તમાનકાળને ધ્યાનમાં રાખીને તુલના કરવામાં આવે, તો ઘણા ફેરફારો જોવા મળે છે, આ ફેરફારો એ 'સામાજિક પરિવર્તન' છે સામાજિક પરિવર્તનનાં મુખ્ય લક્ષણો નીચે પ્રમાણે છે :
- 1. સામાજિક પરિવર્તન એ સામાજિક પ્રક્રિયા છે : સામાજિક પરિવર્તન સતત ચાલુ રહેતી એક પ્રક્રિયા છે, પ્રત્યેક સમાજનું તે સાહજિક લક્ષણ છે. સામાજિક સંબંધો અને તેના પરિણામે રચાતી સામાજિક વ્યવસ્થાઓ, સતત પરિવર્તનની પ્રક્રિયા અનુભવે છે. મકાઈવરના મતે, "સમાજ સામાજિક સંબંધોની પ્રક્રિયા છે,

સામાજિક સંબંધો સ્થિર નથી, પરંતુ તે સતત પરિવર્તનશીલ હોવાથી સમાજ પણ સતત અને અવિરતપણે પરિવર્તન પામે છે.''

- 2. સામાજિક પરિવર્તન સાર્વત્રિક પ્રક્રિયા છે : સામાજિક સંબંધો અને તેના પરિણામે રચાતી સામાજિક વ્યવસ્થાઓ પરિવર્તનની સતત પ્રક્રિયા અનુભવે છે. વિશ્વના દરેક સમાજમાં સામાજિક પરિવર્તન જોવા મળે છે. પરિવર્તનની માત્રા અને ગતિમાં તફાવત હોઈ શકે છે. મહિલાઓની સમાનતા અને સ્વતંત્રતાના મુદ્દે વિશ્વના તમામ દેશોમાં હકારાત્મક પરિવર્તનો આવી રહ્યાં છે. ભારતના કેટલાક પ્રદેશોમાં મહિલાઓને શિક્ષણ અને વ્યવસાયમાં પુરુષ સમોવડી બનવાની તક મળી છે, પરંતુ અન્ય પ્રદેશોમાં સમાનતાના ક્ષેત્રે પ્રગતિ ધીમી થઈ રહી છે.
- 3. સામાજિક પરિવર્તન રચનાતંત્રમાં પરિવર્તન સૂચવે છે : સામાજિક રચનાતંત્રના વિવિધ વિભાગો (ધ્યેયો, સામાજિક ધોરણો, દરજ્જા અને ભૂમિકાઓ, સાંસ્કૃતિક મૂલ્યો વગેરે)માં થતાં પરિવર્તનો સામાજિક રચનાતંત્રમાં થતાં પરિવર્તનો સૂચવે છે.
- 4. સામાજિક પરિવર્તન કાર્યોમાં પરિવર્તન સૂચવે છે : સામાજિક પરિવર્તન જેમ સામાજિક રચનાતંત્રમાં પરિવર્તન સૂચવે છે તેમ સામાજિક કાર્યોમાં પણ પરિવર્તન સૂચવે છે. દા. ત., કુટુંબનું સમાજીકરણ, પ્રજોત્પાદન, આર્થિક રચના, જીવનનિર્વાહની ચીજવસ્તુ પૂરી પાડવી, શિક્ષણ, ધર્મ વગેરે સામાજિક કાર્યો છે. સામાજિક પરિવર્તન આ બધાં સામાજિક કાર્યોમાં પણ પરિવર્તનો સૂચવે છે.
- 5. સામાજિક પરિવર્તન સ્વયંજનિત અને આયોજિત પ્રક્રિયા છે : સામાજિક પરિવર્તન સ્વયંજનિત અને આયોજિત પ્રક્રિયાના ભાગરૂપે પણ વિકસે છે.
- દા. ત., ઉદ્યોગીકરણ અને શહેરીકરણને પરિણામે વિભિન્ન જ્ઞાતિ અને ધર્મના લોકો એકબીજાના સંપર્ક અને સહવાસમાં આવતાં પરસ્પર સહાનુભૂતિ અને આદરનું વાતાવરણ સર્જે છે. આ પરિસ્થિતિના કારણે વિચારો અને મૂલ્યોમાં જે સામાજિક પરિવર્તન આવ્યું તેને 'સ્વયંજનિત પરિવર્તન' કહેવાય. આધુનિક યુગમાં આયોજિત વિકાસનાં પરિબળોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. માનવીએ બુદ્ધિપૂર્વક, હેતુપૂર્વક આયોજન કરી સમાજમાં પરિવર્તન લાવવામાં ફાળો આપ્યો છે, કાયદાઓ દ્વારા છોકરીઓ માટે લગ્નવય 18 વર્ષ અને છોકરાઓ માટે લગ્નવય 21 વર્ષ રાખવામાં આવી છે, તેના પરિણામે બાળલગ્નો અટક્યાં છે અને શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. આ કારણોના લીધે આવતું પરિવર્તન આયોજિત પ્રક્રિયાના ભાગરૂપે છે. સાંસ્કૃતિક પરિવર્તનો પૈકી જે પરિવર્તનો સામાજિક સંગઠનોમાંથી ઉદભવે છે અને સામાજિક સંગઠન ઉપર અસર કરે છે તે સાંસ્કૃતિક પરિવર્તનો સામાજિક પરિવર્તનો છે.

## 6. સામાજિક આંતરક્રિયાના સ્વરૂપ તરીકે સ્પર્ધા

- વ્યક્તિના મોટા ભાગનાં વર્તન બીજી વ્યકિતઓના સંપર્કમાં અથવા તેમની સાથે થતાં હોય છે. એક વ્યક્તિ અમુક વર્તન કરે અને તેના પ્રતિસાદરૂપે સામી વ્યક્તિ વર્તન કરે ત્યારે 'સામાજિક આંતરક્રિયા' અસ્તિત્વમાં આવે છે, સામાજિક આંતરક્રિયાના ત્રણ સ્વરૂપો છે : (1) સહકાર, (2) સંઘર્ષ અને (3) સ્પર્ધા. સામાજિક આંતરક્રિયાના સ્વરૂપ તરીકે સ્પર્ધાની સમજૂતી નીચે પ્રમાણે છે :
- સ્પર્ધા : ડેવિસ જણાવે છે કે સ્પર્ધા એ સંઘર્ષની વિરુદ્ધની ઘટના છે. જ્યારે પ્રાપ્ત કરવા યોગ્ય ધ્યેયોની સંખ્યા મર્યાદિત હોય અને તેને મેળવવા માટે પ્રયત્ન કરનાર વ્યક્તિઓની સંખ્યા વધારે હોય ત્યારે તે માટે થતી

આંતરક્રિયાને ‘સ્પર્ધા’ કહેવાય. સ્પર્ધા એ એવી આંતરક્રિયા છે જેમાં બે કે તેથી વધુ વ્યક્તિઓનું ધ્યેય એક જ હોય છે, પરંતુ દરેક વ્યક્તિ કે જૂથ એકબીજાની પહેલાં એ ધ્યેય પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે.

- દા. ત., રમતગમતની ટીમ વચ્ચે થતી સ્પર્ધા, નોકરી મેળવવા માટે થતી સ્પર્ધા, વિદ્યાશાખામાં પ્રવેશ મેળવવા માટે થતી સ્પર્ધા, ઉત્પાદક પેઢીઓ વચ્ચે થતી સ્પર્ધા વગેરે સ્પર્ધાનાં ઉદાહરણો છે. સમાજશાસ્ત્રી ફેર ચાઇલ્ડના મતે, “સ્પર્ધા એટલે ઓછી વસ્તુઓના ઉપયોગ કે અધિકારો માટે કરવામાં આવતા પ્રયત્નો.” સ્પર્ધા માટેના નિયમો હોય છે. વ્યક્તિ કે જુથે આ નિયમોની મર્યાદામાં રહીને ધ્યેય પ્રાપ્તિ કરવાની હોય છે. સ્પર્ધામાં શારીરિક બળનો ઉપયોગ કરવાનો હોતો નથી. જો સ્પર્ધામાં નિયમોનું પાલન થાય, તો તે તંદુરસ્ત સ્પર્ધા કહેવાય. પરંતુ વ્યક્તિ કે જૂથ દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવે ત્યારે તે સંઘર્ષ બને છે. સ્પર્ધામાં બદલાની ઈજારાશાહી મહોય છે એટલે કે જે વ્યક્તિ જીતે તેને જ બદલો કે ઇનામ મળે છે.
- સ્પર્ધાના પ્રકારો : સ્પધનિા બે પ્રકારો છે : 1. પ્રત્યક્ષ સ્પર્ધા અને 2, પરોક્ષ સ્પર્ધા.
- 1. પ્રત્યક્ષ સ્પર્ધા : જે સ્પર્ધામાં બંને પક્ષો ભૌતિક કે શારીરિક નિકટતા ધરાવતા હોય, પ્રત્યક્ષ સંબંધ ધરાવતા હોય, બંને પક્ષો એકબીજાથી સભાન હોય અને ધ્યેય પ્રાપ્ત કરવાના નિયમોનું પાલન કરી, બંને પક્ષ એકબીજાથી પહેલાં ધ્યેય પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે ત્યારે તેને પ્રત્યક્ષ સ્પર્ધા’ કહેવાય. દા. ત., બે દેશોના ખેલાડીઓ વચ્ચે રમાતી ક્રિકેટ મૅચ.
- 2. પરોક્ષ સ્પર્ધા : જે સ્પર્ધામાં બંને પક્ષો એકબીજાથી પરિચિત ન હોય, તેમનો મોઢામોઢનો પ્રત્યક્ષ સંપર્ક ન હોય, એકબીજાની હાજરીથી તેઓ સભાન ન હોય, છતાં બંને પક્ષો એકબીજાથી પહેલાં ધ્યેય પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે ત્યારે તેને પરોક્ષ સ્પર્ધા કહેવાય. દા. ત., આર્થિક ક્ષેત્રે ઉત્પાદકો વચ્ચેની સ્પર્ધા, જાહેર પરીક્ષામાં પ્રથમ નંબર મેળવવા માટેની સ્પર્ધા વગેરે પરોક્ષ સ્પર્ધાનાં ઉદાહરણો છે. સ્પર્ધા વ્યક્તિ અને સમાજના વિકાસ માટે પ્રોત્સાહન પૂરું પાડે છે. શિક્ષણ ક્ષેત્રમાં, રમતગમતમાં, રાજકીય ક્ષેત્રમાં, વ્યાવસાયિક ક્ષેત્રમાં સ્પર્ધા જો માન્ય નિયમો દ્વારા થાય તો સમાજ અને વ્યક્તિનો વિકાસ થાય છે, પણ સ્પર્ધામાં પૂર્વગ્રહો કે વ્યક્તિગત પક્ષપાતનું વલણ દાખલ થતાં સ્પર્ધા તંદુરસ્ત રહેતી નથી.

### 7. સામાજિક આંતરક્રિયાના સ્વરૂપ તરીકે સંઘર્ષ

- સામાજિક આંતરક્રિયાના ત્રણ પ્રકારો છે : (1) સહકાર, (2) સંઘર્ષ અને (3) સ્પર્ધા. સામાજિક આંતરક્રિયાના પ્રકાર તરીકે સંઘર્ષના સ્વરૂપની સમજૂતી નીચે પ્રમાણે છે :
- સંઘર્ષ : સામાજિક આંતરક્રિયામાં સહકાર જેવી જ મૂળભૂત પ્રક્રિયા સંઘર્ષની છે. મર્યાદિત ધ્યેયોને પ્રાપ્ત કરવા માટે અનેક વ્યક્તિઓ વચ્ચે સ્પર્ધા થતી હોય છે. તેમાં નિયમોનું પાલન થાય તો તે તંદુરસ્ત સ્પર્ધા કહેવાય, પરંતુ જ્યારે નિયમોના ઉલ્લંઘન કરવામાં આવે છે ત્યારે તે સંઘર્ષ બને છે. નિયમોના ઉલ્લંઘનમાં બીજા પક્ષને નુકસાન પહોંચાડવાના કે હેરાન કરવાના પ્રયાસનો સમાવેશ થાય છે. મેક્રાઇવર અને પેજના મતે, “જ્યારે માનવી એક જ અથવા અછત ધરાવતાં ધ્યેયો પ્રાપ્ત કરવા માટે એકબીજાનો મુકાબલો કરે એકબીજાને નુકસાન કરી સામસામે આવે ત્યારે તેને ‘સામાજિક સંઘર્ષ’ કહેવાય.” સંઘર્ષના પ્રકારો : સંઘર્ષના વિવિધ પ્રકારો નીચે પ્રમાણે છે :

- 1. પ્રત્યક્ષ સંઘર્ષ : બે પક્ષો એક જ ધ્યેય પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરતા હોય અને બંને પક્ષો એકબીજાના ધ્યેયપ્રાપ્તિના પ્રયત્નોમાં અવરોધ ઊભો કરતા હોય, એકબીજાને ઉતારી પાડવાનો પ્રયત્ન કરતા હોય કે એકબીજાનો નાશ કરવા માટે શારીરિક બળનો ઉપયોગ કરતા હોય ત્યારે તેને પ્રત્યક્ષ સંઘર્ષ' કહેવાય.
  દા. ત., રાજકીય પક્ષો એકબીજાને ઉતારી પાડતા હોય, એકબીજાની પ્રવૃત્તિઓને હલકી ગણાવતા હોય ત્યારે તે પ્રત્યક્ષ સંઘર્ષ' છે. બે દેશો વચ્ચેનું યુદ્ધ, મજૂરો અને માલિકો વચ્ચેનો સંઘર્ષ એ 'પ્રત્યક્ષ સંઘર્ષ' છે.
- 2. પરોક્ષ સંઘર્ષ : બે પક્ષો એક જ ધ્યેય પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરતા હોય અને બંને પક્ષો એકબીજાના ધ્યેયપ્રાપ્તિ કરવાના પ્રયત્નોમાં આડકતરી રીતે અવરોધ ઊભો કરતા હોય જેથી સામેનો પક્ષ ધ્યેય પ્રાપ્ત ન કરી શકે ત્યારે એવા સંઘર્ષને 'પરોક્ષ સંઘર્ષ' કહેવાય. દા. ત. ઉત્પાદનના ક્ષેત્રમાં જુદી જુદી કંપનીઓ પોતાના ઉત્પાદન માટે કે વધુ વેચાણ માટે પ્રચારની જે પ્રયુક્તિઓ અપનાવે તે પરોક્ષ સંઘર્ષનું ઉદાહરણ છે.
- 3. આંશિક સંઘર્ષ : બે પક્ષો એક જ ધ્યેય પ્રાપ્ત કરવા માટે એ કબીજાથી વિરુદ્ધ પ્રવૃત્તિ કરતા હોય, તેમની વચ્ચે વાટાઘાટો કે કરાર દ્વારા સંમતિ સાધીને સંઘર્ષને ઘટાડી શકાય તેમ હોય તેવા સંઘર્ષને 'આંશિક સંઘર્ષ' કહેવાયદા દા.ત. મજુરો અને માલિક વચ્ચેનો સંઘર્ષ કરાર કે સંમતિ દ્વારા નિવારી શકાય ત્યારે તે સંઘર્ષને આંશિક સંઘર્ષ કહેવાય.
- 4. સંપૂર્ણ સંઘર્ષ : બે પક્ષો એક જ ધ્યેય પ્રાપ્ત કરવામાં એકબીજા ઉપર માનસિક અને શારીરિક બળનો ઉપયોગ કરતા હોય તેમજ બંને પક્ષો વચ્ચે વાટાઘાટો કે કરાર દ્વારા સંમતિ સાધવાનું શક્ય જ ન હોય ત્યારે તે સંઘર્ષને સંપુર્ણ સંઘર્ષ' કહેવાય, દા. ત., બે દેશો વચ્ચેનું યુદ્ધ.
- 5. વ્યક્તિગત સંઘર્ષ : બે વ્યક્તિઓ વચ્ચેના સંઘર્ષને વ્યક્તિગત સંઘર્ષ કહેવાય. દા. ત., મિત્ર મિત્ર વચ્ચેનો સંઘર્ષ, ભાઈ ભાઈ વચ્ચેનો સંઘર્ષ વગેરે.
- 6. જૂથ સંઘર્ષ : બે જૂથ વચ્ચેના સંઘર્ષને 'જૂથ સંઘર્ષ' કહેવાય. દા. ત., મજૂરો અને માલિકો વચ્ચેનો સંઘર્ષ, બે જ્ઞાતિ વચ્ચેનો સંઘર્ષ, બે કોમ વચ્ચેનો સંઘર્ષ, બે રાજ્ય વચ્ચેનો સંઘર્ષ વગેરે. આ સંઘર્ષ પ્રત્યક્ષ કે પરોક્ષ સ્વરૂપનો અને આંશિક કે સંપૂર્ણ સ્વરૂપનો હોઈ શકે.
- 7. આંતરિક સંઘર્ષ : કોઈ એક જ જૂથના સભ્યો વચ્ચેનો સંઘર્ષ પ્રત્યક્ષ કે પરોક્ષ સ્વરૂપનો હોય ત્યારે તે સંઘર્ષ 'આંતરિક સંઘર્ષ' કહેવાય. દા. ત., કુટુંબ, સોસાયટી કે એક જ જ્ઞાતિના સભ્યો વચ્ચેનો સંઘર્ષ
- 8. બાહ્ય સંઘર્ષ : જ્યારે એક જૂથના સભ્યોને બીજા જૂથના સભ્યો સાથે સંઘર્ષ થાય ત્યારે તે સંઘર્ષને 'બાહ્ય સંઘર્ષ' કહેવાય. સંઘર્ષની માત્રામાં પણ તફાવતો જોવા મળે છે. તે એકબીજાની સાથે અસહકારનું વલણ, અબોલા, ગાળાગાળી, મારામારી કે ધાકધમકી વગેરે રીતે વ્યક્ત થાય છે. શારીરિક હુમલા કે ખૂન એ સંઘર્ષનું આત્યંતિક સ્વરૂપ છે. સંઘર્ષ હેતુઓના વિરોધાભાસથી, અન્યાયમાંથી, શોષણમાંથી, વિચારસરણીના વિરોધમાંથી કે સ્થાપિત હિતોના અસંતોષમાંથી સર્જાય છે. વ્યક્તિવ્યક્તિ વચ્ચેના સંઘર્ષો પરસ્પરના અનુકૂલનના અભાવથી વિચારો કે માન્યતાઓના તફાવતથી કે સમાજીકરણના તફાવતમાંથી ઉદ્ભવે છે. ઔદ્યોગિક ક્ષેત્રોના સંઘર્ષો આર્થિક અન્યાય, શોષણ કે અન્ય વ્યક્તિઓના હસ્તક્ષેપમાંથી ઊભા થાય છે. રાજકીય પક્ષો વચ્ચેના સંઘર્ષો સત્તા મેળવવા માટે કે વિચારસરણીના તફાવતને લીધે સર્જાય છે. શૈક્ષણિક જૂથોના સંઘર્ષો કાર્યની નિષ્ફળતામાંથી સર્જાય છે. આમ, સંઘર્ષના ઉદ્ભવ માટે અનેક પરિબળો જવાબદાર હોય છે.

## 8. સામાજિક ગતિશીલતાનાં લક્ષણો

- કોઈ પણ વ્યક્તિ કે જૂથના સામાજિક સ્થાનમાં થતા ફેરફારને 'સામાજિક ગતિશીલતા' કહેવાય. દરેક સમાજમાં વસ્તી, આર્થિક અને રાજકીય પરિસ્થિતિ તેમજ સામાજિક વિસ્તારમાં ફેરફારો થાય છે. સમાજે જીવંત રહેવા માટે આ બધાં પરિવર્તનો સાથે અનુકૂલન સાધવું જરૂરી છે. સામાજિક ગતિશીલતાનાં લક્ષણો નીચે પ્રમાણે છે :
- 1. સાર્વત્રિકતા : દરેક સ્તરરચનાવાળા સમાજ માં સામાજિક ગતિશીલતા થાય છે. સ્તરમાં સંપૂર્ણ ગતિ ન થતી હોય એવો કોઈ સમાજ નથી, આર્થિક, રાજકીય, વ્યાવસાયિક વગેરે તમામ સ્તરવાળા સમાજમાં ગતિશીલતા થાય છે. ભારતમાં જ્ઞાતિ આધારિત સમાજમાં પણ સામાજિક ગતિશીલતા જોવા મળે છે.
  દા. ત., ભારતીય સમાજમાં જે શાતિઓનું સ્થાન નિમ્ન ગણાતું હતું, તેમનું સ્થાન આધુનિક સમાજમાં ઊંચું આવ્યું છે. આમ, સામાજિક ગતિશીલતાની પ્રક્રિયા સાર્વત્રિક છે.
- 2. માત્રામાં તફાવત : વિશ્વના બધા સમાજમાં સામાજિક ગતિશીલતાની માત્રા કે પ્રમાણ સમાન હોતું નથી. એક જ સમાજમાં પણ બધા સમયે સામાજિક ગતિશીલતાનું પ્રમાણ એકસરખું રહેતું નથી, પ્રાચીન ભારતની જ્ઞાતિવ્યવસ્થામાં વ્યાવસાયિક ગતિશીલતા ઓછી હતી, પરંતુ આધુનિક જ્ઞાતિવ્યવસ્થામાં ઔદ્યોગીકરણના કારણે નવા વ્યવસાયોનો વિકાસ થતાં અને શિક્ષણનું પ્રમાણ વધતા વ્યાવસાયિક ગતિશીલતા વધી છે. જ્ઞાતિવ્યવસ્થાની સરખામણીમાં વર્ણવ્યવસ્થાવાળી સમાજમાં વધુ ગતિશીલતા જોવા મળે છે. આમ, દરેક સમાજે અને દરેક સમય મુજબ સામાજિક ગતિશીલતાની માત્રામાં તફાવત જોવા મળે છે.
- 3. દરજ્જામાં બદલાવ સૂચવતી પ્રક્રિયા : સામાજિક ગતિશીલતાના કારણે વ્યક્તિ કે જૂથના દરજ્જામાં કે સ્થાનમાં પરિવર્તન આવે છે. નિમ્નગામી ગતિશીલતામાં વ્યક્તિ કે જૂથનો દરજ્જો નીચો જાય છે અને ઊર્ધ્વગામી ગતિશીલતામાં વ્યક્તિ કે જૂથનો દરજ્જો ઊંચો આવે છે. આમ, સામાજિક ગતિશીલતા વ્યક્તિ કે જૂથના દરજ્જામાં ઉપરથી નીચે અને નીચેથી ઉપરમાં બદલાવ સૂચવતી પ્રક્રિયા છે.

## 9. સામાજિક પરિવર્તનનું સ્વરૂપ

- સામાજિક પરિવર્તન સમાજ કે સમૂહજીવનની રીતમાં બદલાવનું સૂચન કરે છે. સામાજિક પરિવર્તન એ દરેક સમાજની લાક્ષણિકતા છે. આધુનિક સમયમાં આવેલું પરિવર્તન સૌથી ઝડપી છે. સામાજિક પરિવર્તનનું સ્વરૂપ : સામાજિક પરિવર્તનનું સ્વરૂપ નીચે પ્રમાણે છે :
  1. ઉત્ક્રાંતિ સ્વરૂપનું રેખીય પરિવર્તન : સમાજમાં જે પરિવર્તન સતત એક જ સીધી દિશામાં થતું હોય અને સતત ઊંચે જતી લીટીની દિશામાં થતું હોય તેને ઉત્ક્રાંતિ સ્વરૂપનું અથવા 'રેખીય પરિવર્તન' કહે છે. આવા પરિવર્તનને રેખીય પરિવર્તન એટલા માટે કહેવામાં આવે છે કે તે હંમેશાં સીધી રેખામાં થતું હોય છે. આ પરિવર્તનમાં યંત્રોના વિકાસ અને વૈજ્ઞાનિક સંશોધનો દ્વારા થતાં પરિવર્તનોનો સમાવેશ થાય છે. આવાં પરિવર્તનોમાં વિકાસ સતત સીધી લીટીમાં ઉપરની તરફ થતો હોય છે. દા. ત., ટેલિફોનથી સેલફોન સુધીનો વિકાસ.
- આ પ્રકારના પરિવર્તનમાં એકમાર્ગી સંગૃહીત વિકાસ થતો હોય છે, પરંતુ આ પરિવર્તનમાં જો કોઈ બીજા પ્રકારનું અસરકારક પરંતુ અલગ સ્વરૂપનું પરિવર્તન આવે, તો અગાઉનું સાધન બિનઉપયોગી થઈ જાય છે.

દા. ત., પેનડ્રાઇવનો ઉપયોગ શરૂ થતાં સીડી, કૅસેટો વગેરે બિન ઉપયોગી થઈ ગયાં છે. એ જ પ્રમાણે મોબાઇલ ફોનનો ઉપયોગ શરૂ થતાં 'પેજર' બિનઉપયોગી થઈ ગયાં છે.

2. આરોહઅવરોહ સ્વરૂપનું પરિવર્તન : આ પ્રકારનું પરિવર્તન હંમેશાં એક જ દિશામાં ગતિ કરે છે, પરંતુ ક્યારેક તે ઉપર જાય છે, તો ક્યારેક નીચેની તરફ ગતિ કરે છે, પરંતુ એ કંદરે હંમેશાં વિકાસ કરાવતા પરિવર્તનને 'આરોહઅવરોહ સ્વરૂપ'નું પરિવર્તન કહે છે. પરિવર્તનની રેખા સમયના વહેણમાં હંમેશાં એક જ દિશામાં જાય છે, પરંતુ ક્યારેક ઊંચે તો ક્યારેક નીચે જાય છે.

- આમ, તે માત્ર ઊર્ધ્વ, દિશામાં જ ગતિ કરતી નથી, પરંતુ તેમાં ઉપરનીચેની ચડઊતર જોવા મળે છે. આ પ્રકારનાં પરિવર્તનો ધીમાં હોય છે. તેમજ ટૂંકા ગાળામાં અથવા લાંબા ગાળાનાં હોય છે. દા. ત., બજારમાં થતી તેજી-મંદી. આ પ્રકારના પરિવર્તનમાં આર્થિક ઘટનાઓ તથા વસ્તીની ઘટનાના પરિવર્તનનો સમાવેશ થાય છે. આ પરિવર્તનને 'અસ્થિર પરિવર્તન' કહે છે, કારણ કે તેમાં વધઘટ જોવા મળે છે.
- 3. ચકીય સ્વરૂપનું પરિવર્તન : પાણીની લહેર (મોજા) જેવું, ઉપર અને નીચેની તરફ ઉછાળા લેતું અથવા ચક્રની માફક જ્યાંથી શરૂ થાય ત્યાં જ પાછું તે જ સ્થિતિમાં આવે તે સ્વરૂપના પરિવર્તનને ચક્રીય સ્વરૂપનું પરિવર્તન કહે છે. કુદરતમાં અને સમાજમાં અનેક ઘટનાઓ આ પ્રકારે ઉપરનીચે થતી રહે છે, પરંતુ તેની આગળ જવાની દિશા એક જ સપાટી પર રહે છે.
- દા. ત., તુચક્ર, શિયાળો, ઉનાળો, ચોમાસુ, શિયાળો. આ જ રીતે સમાજમાં ફેશન અને મૂલ્યોમાં પણ પરિવર્તન થાય છે, અગાઉની ફેશન કાળક્રમે પાછી આવે છે. કેટલાક વિચારકો માનવસંસ્કૃતિના ઉદ્ગમ, વિકાસ અને પતનને પણ પરિવર્તનના આ સ્વરૂપમાં લે છે. આમ, પરિવર્તનનું આ સ્વરૂપ ઘડિયાળના કાંટાની જેમ ચાલતું હોય છે.